બનામે ખુદા.

ધી પારસી યુન્યન કલબ.

કરાંચી.

કલાબાજ કેરમાન

રચનાર,

એન. ડી. પી.

ખેલના ગાયનો.

વગારાનાં ગાયણોના બોલ બાંધનાર તથા
છપાવી પ્રગટ કરનાર,
ધી પારસી યુન્યન કલબ.

ધી 'નેશનલ' પ્રેસમાં બી. ખ. સોલીવાળાએ છાપ્યું,
ફ્રીયર સ્ટ્રીટ કેમ્પ—કરાંચી.

આવૃતી પેહેલી પ્રત ૧૦૦૦.
કીમત રૂ. ૦—૨—૦

કરાંચી તા. ૧૯ મી જાનેવારી ૧૯૧૭.

[illegible] B OF-S[illegible] A[illegible] L Cam [illegible]

Halt ! who Comes there ?

Friend, British Importers

Haji Abubucker & Sons

All British Goods

NEW STOCK

EVERY MAIL

An up-to date shop highly patronised by Europeans & Parsi gentry.

Elphinstone steeet,

Camp,--KARACHI.

ઉમદા પેશ્ની માટે મળા જહાંગીર રૂ. ઇરાનીને

બનામે ખુદા.

પ્રીય સજ્જનો, અમોં તરફથી ભજી બતાવેલા છેલ્લા ખેલમાં યાને "કાંટાનું કટેસર" નાં પ્રસતાવનામાં અમો કહી ગયા હતા કે જો ખોદાનું ચાહવું હશે તો અમો એક વાર ફરી તમો સનમુખ હાજર થઈશું. તે શબ્દોને આજે સફલ થયેલા જોઈને અમો કીરતારના સુકર ગુજારીયે ચ "કાંટાનું કટેસર" લોકોની સંપુર્ણ દીલસોજી સાથે ફતેહ-મંદ નીવડયો અને અમારી ખેંચેલી રંજનો અમોને પુરે પુરો સંતોષ કારક બદલો મલ્યો તેથીજ અમોને એકવાર વધુ તમો મહેરબાનોની હજુરમાં આવવાની હીમત થઈ છે ને ખોદાનું ચાહવું હશે તો આ વખત પણ પુર્ણ સફલતા અમોને અમારી મહેનતના બદલામા મલશે.

આ ખેલ દુન્યાની ગરની ફકની અને ગંભીર બનાવોથી પુર હોવાને સબબે તેના [illegible] ઉમદા મધુર રાગણીઓ-માં જોડવામા આવ્યા [illegible] તોષ સાથે જોઈ શકશો કે એક ખેલ દીધા [illegible] આ [illegible] માં એક કદમ આગળ ચલાવ્યુ છે અને [illegible] મનો પોતેજ જોડયા છે અને તે [illegible] સમજતા હશે તેઓને કહેવાની કશી જરૂર નથી. હરેક નવાં જોડેલાં ગાયનો ઉપર આ જાતની * એક ફુલફી [illegible] છે.

☞ આ ખેલ યાને '[illegible]' [illegible] અમોને કંઈ પણ હાંસલ વગર આપવામાં અમારી કલબનાં દીલસોજ મીત્ર મી૦ નાદરશાહ દી, પ્રીનટરે જે ઉદારતા બતલાવી છે તે માટે અમો એ માનવંત ભાઈનો આભાર બહુ માનીશું. આ ભલા ભાઈએ માત્ર ખેલ આપી પોતાની ઉદારતા પુરી કરી નથી પણ હમેંશા રીહરસલમાં આવી દરેક જાતની ઘટતી મદદ આપી છે તે માટે તેવણુનો જેટલો ઉપકાર માનીશું તેટલો થોડો છે.

FOR BOOKS MAGAZINES; NEWSPAPERS.

સીંધ પેટન્ટ ટાઇલ્સ કંપની.

કરાંચી.

જમીન ઉપર નાંખવાની રંગ બેરંગી અને સાદી
સીમેન્ટની બનાવેલી લાદીઓ, અમારી બનાવેલી
આજે ઘરે ઘર અને શહરે શહેરોમાં
વખણાવા લાગી છે: સરકારી તેમજ
બીજા ઇજનેરો અમારી
લાદીઓ માટે ઉંચા અભી-
પ્રાયો આપ્યા છે.

લાદીના આસરો
અને રંગની ચોપડી
તેમજ ભાવ નમુનાઓ વગેરે માટે
વધુ વીગત નીચેના ઠેકાણેથી મલશે,

નસરવાનજીની કુંપની

એલફીન્સ્ટન સ્ટ્રીટ—કરાચી.

માલેક.

પેટન્ટ મેડીસન ચાણુ હેરઓઈલ માટે મલો જહાંગીર રૂ' ઇરાનીને

અમોને ગાયનમા મદતી સલાહ આપનાર અમારા માત્ર માસ્તર અમૃતલાલ, તે, ઇમપીરીયલ મ્યુઝીક કલાસનાં માલક જે લાયકી બતાવી છે તે વખાણને પાત્ર છે અને અમો કોઇ પણ બાનુ યા સદગ્રહસ્થને આ બાહોશ માસ્તર પાસે તાલીમ લેવાને અરજ કરી શકીશું. તેજ પ્રમાણે તબલાંનાં જ્ઞાન માટે મી૰ જાદવજીની ભલામણ કરેલી વ્યર્થ જશે નહી.

છેવટે આ ખેલમાં જે ભાઇઓ એ પાર્ટ લઇ યા વગર પાર્ટ લેવે જે કીમતી મદદ આપી છે તે માટે સર્વનો આભાર માન સાથે માનવામાં આવે છે ને પ્રીય સજ્જન આ ખેલને ફતેહમંદ ઉતારવામાં તમારી મદદની પણ જરૂર છે. જે તમો તમારી માનવંત હાજરીથી આપી શકશો.

ઉમેદ છે કે આ ખેલ પણ તમારી પસંદગી પામશે ને વળી એકવાર (જરા લાંબે વખતે) અમોને કોઇ તદન નવા આકારમાં તમો સનમુખ ઉભા રહેલા જોસો. હાલ અમો તે માટે કશું કહેવા માંગતા નથી પણ વખતનાં ગીત વખતે ગવાશે,

આ કેતાબમાં સઘળી જાહેર ખબર ઉપર અમો વાંચક વર્ગનું ખાસ ધ્યાન ખેંચ્યે છીએ.

આમીન આમીન આમીન

અરદેશર શો. કુપર.

નાદીર દી. વકીલ.

જોઇન્ટ ઓનેરરી સેક્રેટરીઝ.

FOR BOOKS MAGAZINES, NEWSPAPERS,

The Empire Tailoring Coy.

Preedy Street, Camp.

An up-to date tailoring Co. in camp under the name of.

The Empire Tailoring Coy.

Which is under the excellent managment of a Parse and a Christion gentlemen & conducted by an expert and vast experienced Cutter.

We guarantee every satisfaction in our work at moderate charges.

Trial order is solicited,

Proprietor

Framroz D. Nanavati.

થોડે પઇસે સારૂં સીલઈનું કામ

જોઈતું હોયતો મલો

પ્રોપ્રાયટર

ધી એમપાયર ટેલરીંગ કું.

પ્રીડી સ્ટ્રીટ.

કુલાબાજ ફેરમાન.

પ્રસ્તાવના.

The stage is a great educational medium.

નાટક એક નીતીની નીશાળ છે. નાટક એટલે માણુશોની જીંદગાનીનો આવભાવ એકટીંગ સાથનો દેખાવ; આગળ બની ગયેલ: ચોની ઉંડાણુ અભ્યાસથી પડેલી હારમાલા નાટકથી પોતાના કાપેલા કરતુકાનો પડછાયો એક સ્વચ્છ આઇનાની માફક પ્રકાશી નીકળેચ, અને જે દરેકના દીલને ખુશ કરનાર અને જ્ઞાન સપુરદ કરવાની જગા હોયતો તે નાટક મહ છે, નાટકો જાતજાતના સ્વભાવો જેમ કે દુઃખ, ગુસ્સો, આનંદ વગેરેના પાત્રો ઘણુીજ સારી રીતે રજુ કરી તેનાથી જોનારાઓને ઉતમ છાપ બેશાડવાનો એક હુન્નર છે. હાલમાં કેટલાક નાટકો બીન અનુભવી હલકા લોકોથી ભવઇયા જેવું થાય છે, તેમ નહી થતાં અનુભવીઓ અને ભણેલાઓથીજ ઉતમ પ્રકારે રજુ થવાથીજ આપણી દરેકની આશા ફળશે અને તેવા નાટકો શ્રોતા જણોથી ઉતજણુને લાયક ગણાશે.

એ ખેલ મેં મારી જુવાનીના વખતે આશરે વીશ વરસની વાતપર એક અંગ્રેજી નોવેલ Robert Macaire પરથી ઉપજાવી કાઢયો હતો, અને તે મુંબાઇમાં ગેઇટી થીયેટરમા મરહુમ દાકતર બ્લેની (તે વખતે કારપોરેશનના ચે-મેન હતા તેવણુ) ની પેટ્રોનેજ તથા હાજરી હેઠલ, તેમજ મ્યુનીશીપાલ કોરપોરેશનના કેટલાક મેમબરો તેમજ જાણીતા કુંટુંબોના આસરા હેઠલ ઘણીજ ફતેહમંદી સાથ ભજી બતાવ્યો હતો; અને તે હમણા 'ધી પારસી યુન્યન કલબે' પોતાના 'કાંટાનું કટેસર' નો ખેલ ફતેહમંદી સાથ ભજી બતાવ્યો

ત્યારે આણે વખતે મુજનું મન પાછું ચરવર થયું, તેથી મેં તેઓને આ ખેલ સ્ટેજ કરવા માટે ઓફર કીધી જે કલબના ઓનરરી સેક્રેટરી તથા જોઇન્ટ શેક્રેટરીઓ તેમજ મેમ્બરોએ ઉચકી લીધી, અને તે આજે બીજા નવા એમેચ્યુરોની મદદથી તમો હજુર રજુ કરવાને તે પાકપરવરદેગાર ની મેહેરબાનીથી ફતેહ પામ્યો છું,

આ ખેલ પેહેલાથી તે છેલ્લે સુધી કરૂણારસથી ભરેલો હોવાથી તમાશબીનોના મનને તાજગી આપવા માટે હાસ્યરસનું વળુ ઉમેરીયું છે કે જે તાણી તોડીને નહી મુકનાં તેને લાગુ પડતી રીતે ગોઠવ્યું છે કે જે એ ખેલના મુખ્ય ભાગ ભજી બતાવનાર બાબન તથા દાશી મેહેરના પાત્રોમાં સમાઇ જાય છે.

આ ખેલમાં જુના ગાયનો મારા મીત્ર મી. પી. પે. એનજીનીયરે જોડીયા હતા તેમાં કાંઇક મારા ખેરખાહ મીત્રો એ ફેરફાર કરવાની મને ફરમાશ કરવાથી કેટલીક નવી રાગણીઓ આમેજ કરવામાં મને મી. અમરતલાલ જેઠાલાલ હારમોન્યમ માશતરે તેમજ હમારી કલબના જુવાન જોઇન્ટ ઓનરરી શેક્રેટરી મી. નાદીર દી. વકીલે મદદ કીધી છે તેમનો તથા કલબના ઓનરરી સેક્રેટરી તેમજ જોઇન્ટ ઓનરરી શેક્રેટરીએ મને ઉતેજણ આપ્યું છે તેઓનો તેમજ દરેક એમેચ્યુર બીરાદરોએ એ ખેલ વગર હાંસલે ભજી બતાવી મારા કામમાં સવલતા કરી આપી છે તેઓ સર્વેનો શામનો ઉપકાર માનુ છું. આ ખેલના ગાયનો મી. અમરતલાલ હારમોનીઅમ ઉપર વગાડવાથી વધુ તેજ આવશે. એ ભાઇની કુસળાતા માટે હું દરેક પારસી ફમીલીને ભલામણ કરૂંચ કે મ્યુઝીક બાબદની જો તાલીમ લેવી હોય તો મી. અમરતલાલની સલાહ લેવી.

અત્રે માટે ખાસ કરી ઉપકાર સાથે જણાવવું જોઇયે કે મારા જુવાન મીત્ર મી. નાદીર દી. વકીલે મને આખા નાટકના Rehearsal ચાલતા વખત દરમીયાન મને મદદ કીધી છે અને સઘળી નવી રાગ રાગણીઓ વખતને અનુસરતી એ ભાઇએ કોશેશ કરી સોધી કહાડી

ને એમેચ્યુરોને બેસાડવામાં એક લગભગ Director તરીકે મદદ કીધી છે તેને માટે એ ભાઇનો ઉપકાર માનું છું તેમજ મારા માનવંત મીત્ર મી. અરદેશર શોરાબજી કુપરે આ ખેલ બાહાર પાડવામાં મને જે પોતે મોટી જેહમતો અને રંજ ખેંચી મદદ કીધી છે તેને માટે હું એવંચુનો ઘણો આભારી છું. ખરૂ કહું તો ધી પારસી યુન્યન કલબ આખેલ બહાર કહાડવામાં એ ભાઇને આભારી છે.

વધુ લંબાણ ન કરતાં હું કમાંજ જણાઉ છું કે એ ખેલમાં કાંઇ પણ ખામી માલુમ પડે તો મારી આ પેહેલીજ કોશેશ ખયાનમાં લઇ, મોટું દીલ રાખી મને દરગુજર કરશો. જો મને આ કામમાં ફતેહ મલશે તો બીજી વખતે કરાંચીના સ્ટેજપર તદન માગો નવો ઓરીજીનલ ખેલ રજુ કરવાની હીંમત કરશ.

લી. દુવાગો સેવક,

એન. દી. પી.

નાટકના પાત્ર.

કેરશાસ્પ ......એક ઉમરાવ..............મી. જહાંગીર દી. વકીલ
એહરોઝ ......ખુશચેહરનો મમાવો........., શોરાબ. ધ. ફીરોઝ
પુરવાલા
જહાંબક્ષ ......ગુલનદામના હાથનો ઉમેદવાર, પછવાડેથી ખુશચેહરનો
ખાવીંદ...મી. નાદીર દી. વકીલ (જાઇન્ટ સેક્રેટરી)
કેરમાન ......રાહમારૂ લુટારો..........., અરદેશર શો. કુપર
(ઓનરરી સેક્રેટરી)
કામદાર .. ...કેરમાનનો સાથી..........., ઇ. પી. પઘડીવાલા
બાબન ......કેરમાનનો હીચકારો સાથી..., ખુરશેદ. મ. બાટલી
વાલા
સનદલ ......કેરમાનનો હમશારોક........, શોરાબ. ધ. ફીરોઝ
પુરવાલા
પેગામચી ......તપાલ લેઇ જનારો..........., ,,
નોકર ......કેરશાસ્પનો નીમક હલાલ નોકર ,, ,,

સ્ત્રી પાત્ર

ગુલનદામ......કેરશાસ્પની ભત્રીજી, કેરમાનના
હાથની ઉમેદવાર........... જી. એમ. ઠાકર
ખુશચેહેર......કેરમાનની છોકરી, જહાંબક્ષની
માશુક... .... મી. દાદાભાઇ કે. પટેલ

દાશીમેહેર......ગુલનદામની દાશી, બાબનના
હાથની ઉમેદવાર............ મી. ગવરીશંકર વાશુદેવ

બુઢી............સનદલની ઓરત............ ,, ભીખાજી. કે. પંથકી

—:o:—

સાજીનદાર.

હારમોન્યમ માસ્તર......................મી. અમરતલાલ જેઠાલાલ

તબલા માસ્તર............................ ,, જાદવજી

એ પતરોગે પોહરેગીર, દારોગા, સીપાઇ, શાહેલીઓ. વગેરે વગેરે.



ઇશ્વરસ્તુતી.

*

બધાઃ— ધીરજ દે દાતાર........

પાકજાદ પરવરદેગાર....ધીરજ

રબ નેકી તુ દે–તુંજ શરણે તું લે,

સીફત તારી એ.......ધીરજ

યુકિત તારી ન્યારી ન્યારી,

નીરખી બલહારી;

યશ જશ તુંજ હાથે,

નમીએ સઉ સાથે,

કર ગ્રહજે નાથ તું,

લબ પર નામ તું,

બલહારી તુંજ ગાવા કાજે મલ્યા સઉ

સંગાત...ધીરજ

૨ ❋

જહાંબક્ષને પેગામચી) દાવર તું છે જગ આધાર,
જમીં ફલકના રચનાર;
તુજ હાથ સઉ સંસાર....દાવર
ધરી વહાલ હમ પર દયા તું કર
હમ સહાયે આજ આવો,
બદી બાલી નેક બનાવો,
ઉપકાર તારો ગાઈ રચના તારી
ન્યારી ન્યારી....દાવર

૩

કેરમાનઃ— હા જાઉ હું ભટકું નીત બન બનમે,
કરૂ ચમન ચમન લુટી સઉ જણને;
રાતે રઝડું રવડું જહાં મન્ને ગમે,
રાતને ગણીને દીસ મુજના મનમે.
છે રંગને મજાહ.[illegible] જગની કરી કજા,
ચમન સઉ ધુલ કરો, વનમાં રે વનમાં;
છે રજા ને કજા મુજ રાજમાં સજા,
હરએકપે કરી તુફાન, હા—હા—હા—
હા જાઉ

૪

કેરમાનઃ—અયે પલીદ પેટના છે ગનીશ વેઠ,
પેટના ગુલામ સઉ ગરીબ હોય યા શેઠ,
લાજને [illegible] લુટફાટ ખાસ,
મુ.ન [illegible] કીધું [illegible] પેટ તું કાજ.

કોરસ

નહી નહી નહી ફીકર સરકારની,
નહી નહી નહી ફીકર ઘરબારની,
નહી કદર ફરજંન્દ કે દીલદારની,
એક છે કદર બસ ધન માલની.

કેહેરથી લડી લડીને જગંત ફરૂં,
ફન્દમાં ફરી ફરી મુજ ખીસા ભરૂં;
જર કાજ તન મન પટકી મરૂ,
(અ)ગર જાય જાન આ ન હરગેજ ડરૂં.

કોરસ

૫

કેરમાન- બાબન ને કામદાર—

જરથી જબ્બર થાશું ગબ્બર હા,
થાવો મગન, થાવો મગન.......જરથી.

કેરમાન— નામે હું પીરાનને,
બાબન— હું શેહરીઆર વાહ! વાહ!!
બધા— ખુબ ભીડી બાથ મસ્ત બની શાથ....જરથી.

૬

કામદાર— જહાં ફરૂ, ત્હાં લરૂ, ના ડરૂં સર હરૂં,
નીત ભસુ, બસ કરૂ. જંગ ખુનખાર ગરગર ગરગર
ભરમાવું, ગરમાવું, ગભરાવું દબરાવું,
ફંન્દ ફાંદાથી ફરવાને થાર દર દર દર દર....જહાં

ખુન કેહેરથી કર કર કર કર,
બશ જામ જેહરની ભર ભર ભર ભર;
પામ લેહરથી જર જર જર જર,
બશ વેરથી લર લર લર લર.

કોરસ

મન મલકાયે જીવ હરખાયે,
આહા આહા હું હું દલેર સનજર;
બસ જાવું જહાં હું પાવું, દોલત અશામત
માલો વ જર—જહાં

૭ *

જહાંબક્ષ—કીધો ઉપકારી બાળ ઉગારી,
વિનંતી આજે તેં મારી, પ્રેમે સ્વીકારી...કીધો.
ભુલનો ભોગી બની જાલે ફસાયોતો,
તારી દયાથી પાર હું પામ્યો...કીધો.

શાખી

દુશ્મન હોય હજાર જો, બુરૂં કરવા કાજ;
તુજ દયા જો હોયતો, કોની જાય લાજ...ધેકી

૮

ગુલનદામ—ગાઈ ભજન હર મનને બેહલાવું રે,
હર મલે તો હું વારી વારી જાવું રે....ગાઈ
ધરતી ગગનનો તુંઈ રચનાર,
પાપી દુઃખીનો તુંઈ તાલનાર;
રોજી રજકનો તુંઈ બક્ષનાર,
નીત્ય તું યાદ મુજ હઈડે સમાવું રે....ગાઈ

૯

ગુલનહામ—મન મુજનું તન હરખે ખીલે જોબન ફુબન હરદીને,
રંગ રંગ રંગ રંગ ખુશી તરંગ, મનહર લાગે
હરદીને....મન
નમી નમી ગાવું રબની સીફ્ત, કરૂં ભાવે ભક્તિ હરદીને,
સુખકર દાવર ગુણી બખતાવર રાખી લાજ
હરદીને...મન
બખ્તમાં અમન, લખ્તમાં ચમન બક્ષ ખાવંદ તું હરદીને,
પાક નુરાની દીલહર પેશાની, મેહેરથી જાલવ
હરદીને....મન

૧૦ *

ગુલનહામ—જીંદગાની જાણ્યુ ફાની, છે આ કામાડોલમાં
પાણી મોજે જાય ચાલી, જાશે અંતે હાથે ખાલી
મારૂં મારૂં કરીને ફુલેરે, ફુલેરે શાને તું તો
ફુલે...છે આ.
ચડશે તે પડશે જગમાં, પડશે તે ચડશે જગમાં,
જુઠી આ માયા તમે જાણોરે, જાણોરે જાણો
તમે જાણો....છે આ

ગુલનહામ— ૧૧ *

મીજલશ ખીલી છે આજની, દીલ શાદ શાદ મલકાવે,
મહોબત બની દીલ જાની, કરે બાગમાં દીલ ફીદા
ફીદા હરખાવે...મીજલસ

શેર

હસ્તી કુદરત આજની પમરે ગુલ ગુલ બાગ,

FOR BOOKS MAGAZINES NEWSPAPERS

COOPERATIVE STORES.

CAMP-KARACHI.

XMAS! XMAS! XMAS!

JUST UNPACKED.

A very good Selection of Toys Dolls drums Games of Different Varieties Bricks Picture, Blocks and many other too numerous to mention.

Also presents for Young and Old such as Picture Books of very Great Assortment Work boxes Dressing Cases, Brushes writing Cases & Etc. Etc.

પેટન્ટ મેડીસન સાબુ હેરઓ. ઇ માટે મળો જહાંગીર રૂ. ઘસાતીન

The National Press.

GATE TO

ECONOYM

Best Printing Work

at

Moderate Rates.

Frere Street,

KARACHI.

જમીં ફલક હસ્તાં ફરે, કોઇ મહોબત ગાય રાગ,
ખુદરત એ તારો ખેલ, કોઈ સમજાવે..........દીલશાદ

શેર

શરાબ જામ લેવો સઉ, ખીલે મીજલસ રંગ
દીલબર પીએ હોંસથી. ચાહી દીલદાર સંગ,
મીજલસ રહો આબાદ, ખુશિથી પીલાવે...દીલ શાદ.

જહાંબક્ષ— ૧૨ *

સેજ કાંટાપર સુવું પડશે. મહોબત પ્યાલા મુખ ધરશે,
મોહોબતે ગુલમાં કાંટાંની આશા તોય ભમર ભમશે....સેજ
આશા ઉછેરી મહોબત કેરી શમજી વેરી લીધો ઘેરી,
જુદાઇ ખંજર મારી જીગરપર, ગઈ તજીને હવે કાં.....સેજ

જહાંબક્ષ— ૧૩

જઈ જઈ હાલ રોશન કરૂં,
ઘડી ઘડી શું કામ જળું....જઇ જઇ
કબુલ કરી ચાહે દીલ હરખાવે,
(અ)ગર ઇનકારે મુજને જલાવે,
દીલબર સંગ દીલ રે... .જઇ જઈ

૧૪

હાશી મેહેર—અરે મન થા તું મગન, સુભ સગન ગાતાંરે
મેહમાનોની ધુમ મચી છે રે,
રહયું રહયું ઘેર હલી હરખથી ઉભાતાં રે....અરે
બાઇ ગજાઉ ધુમ મચાંઉ રે,
હરપલે લેહર કરી મનથી મલકાતાં રે....અરે.

૧૫ *

કામદાર—જગની છે નુરાની તું........
ગુલમાં ફુલમાં તારા નામની હસ્તી લખી
ચમન ખીલી ખીલી ખીલ્રી
બુલ બુલ ગુણ ગાય........તુ........
બાગે બહારમાં ગુલઝાર ખીલી રહયાં
જલનું છે જર તું, થળનું છે સર તું
આશ મારી ભર તું, સફલ સઉ કર તું....તું....

ગુલનદામ— ૧૬ *

અરે કલજુગ દુન્યાથી, વફાદારી નાબુદ થઇ
જલી મોહોબત દુન્યાથી, વફાદારી નાબુદ થ
શીરી ફરહાદની મોહોબત, વફા તે સાચની સોહબત
અરે જાલીમ જમાના તે, વફાદારી નાબુદ થઇ....અરે૦
ફલો મોહબત મેહબુબની, મલો દીલદાર સઉ સાથ
રહે મુજ લાજ અય મઝદાં, વફાદારી નાબુદ થઇ....અરે૦

૧૭

ગુલનદામ-નહી જાવો તજીને આ મહેરબાન,
કંઈ ખાવો કદર છું બે ગુનાહ;
ખોફ તજીને થાવો પુર રહેમ નીગાહ,
નહી કસુર મારી છે બાઇ જાન,
જહાંબક્ષ—બસ બસ એ બકવા બધ કરી,
ચલ ચલ નીસર ઝાલુ કરી;
એ નાર મક્કરથી ભરી,
ન ગરજ મુજને છે રહી.
ગુલનદામ-જેમ બાગા વાસણો પર દીસે છે સાંધ.

ને દીસે ભેડોલ જેવી દાઝેલી ચામ;
તેમ એક વખતનું તુટું જીગર,
સંધાય પણ રહે તે ખામી મગર.

જહાંબક્ષ—બસ બસ એ બકવા બંધ કરીઃ—

૧૮ *

દાશીમેહેર—શું! આ ગમખારી રહેશે તારી રાત દીનજારી....તારી
સુખ આ સંસારે ભરતી કરશે દુઃખજ કરશે ઓટ....તારી
નહી ઉજાલી અમ્મર રહેશે શાહના શાહની

ગુલનદામ—ન સતાવ આવ આવ પ્યારા તુંજ
વીન ચેન નહી.......તારી

સનદલ ને બુઢી.— ૧૯

થાવો ખુશાલ, નાચી કુદી, આજ કાલ, અરે વાહ! વાહ!!
બીલ્લુ ગબ્બર હા હા હા.;
જાનથી મારો, માલ ઉતારી, કરશું પ્યારી, ચમન ભારી....થાવો
મલ્યો છે આ ખુબ તરમાલ, નહી ખાશું રોટીને દાલ,
ગરમ કબાબને શરાબ લાલ, તેથીજ છે આ જીંદગી નેહાલ,
રંગ રંગ રંગે, સુખ ને સંગે, કરશું મોજ રોજને રોજ....થાવો

૨૦ *

ખુરશેદચેહર—ધરો પાપમાંહી કંઈ ધીર
સુધારો મતી આ જીંદગી છે સમજો ફાની
પલમાં ઉડી જશેજી....ધરો

બુઢા બુઢી—પાપવિના નહિ પેશો- ચોર વિના નહિ દેશો.
આ જીંદગી ખોટી છે બીનદામ.......

ખુરશ— બાવલના બીયાં રોપી આશા કેરીની ખોટી
કરશે તેવું ભરશે ઇનશાન.......સુધારો.
ખુદાબુંદી—પાપી આરામે ફરશે સવાબી ભુખે મરશે.
સમજ આ છે જગનો સઉ સાર.......
ખુરશ— પાપી તે પલમાં ડુબે, સાચ સદા તરશે વહાલા.
અંતે જય ધર્મનો જહાં..............સુધારો

કામદાર ૨૧ *

હક બજાવું, દોસ્ત બચાવું નાખું ફંદો જાલ,
આગ લગાવું ધુમ મચાવું કરૂં પાયામાલ;
ફરેબ નાખું, ફતેહ ચાખું, સઉ દુશમનની ખાલ.
બનું દુન્યામાં હું આચાહાર....................હક

યા ખુદા શું થયો ગજબ, યા ખુદા કેવું આ અજબ,
શું શમશેર મારી ડરશે, શું બાજી મારી ફરશે.
શું હીંમત પાણી ભરશે જાઉં જાઉં જાઉં જાઉં જાઉ
નહી દુશમનની કંઈ દરકાર....................હક

હાશીમેહેર— ૨૨

હા હા કરૂં દીલજાન, તનમન કુરબાન,
જરા કરી હેશાન હસી હસાવો પ્રાણ,
જોઇ સુરત ખુબશાન તનમન હરખાયે...હા હા.
મુજ પ્રીતમ પ્રાણ વાહા કેવું હેશાન,
જાણે પુનમનો ચાંદ, ખીલી રહયો આશમાન,
મુજ જીગર જાણુ હરપલ છલકાયે..........હા હા

દાશામેહેર— ૨૩

ચાલો, ચાલો, પ્યારા તમે ચાલો,
હાજર જો ફરમાન તાબે પ્યારા તમે ચાલો....ચાલો
સુરત તારી મીઠી પ્યારી, જોઇ જીવ હરખાય,
તન મન ધન સઉ વારૂ તુંપે, દીલબર તમે ચાલો....ચાલો

૨૪

ખુશચેહર—માન સુખન દીલજાની, છું તું જપે દીવાની,
તું છે પ્યાર, તુંજ આધાર, દીલનો કરાર
જાન....માન

જહાંબક્ષ—બસ બસ મનમાની, બંધ કર આ જબાંની
પ્રીતમ પ્રાણ જીગર જાન, વાહ વાહ વાહ...માન

ખુશચેહર—જેમ શાહ ખરેજ, શેહર પર મગરૂર છે,
તેમ નેક ભરથારે, નાર તો ગરૂર છે,

જહાંબક્ષ—સુખી તે અવતાર નરનો ખરો છે;
પામે નાર નેક જો ગુણવંતી.

બંનેજણા—નેક નાર વીન રદ સઉ જાન, જાન, જાન,
પાક પ્યારથીજ જીવ શાદ શાદ માન.......માન

દાશીમેહેર— ૨૫ *

મુજનાં મનનું ફરમાન કહે દીલદાર મલી જાયે
કહાં કહાં જઇ સોધું પ્યારા મારા પ્રાણને
રયન ન જાવે વહાલા કયારે આવે...........દીલદાર

કંઇ ભાવે નહીં મન કેમ મનાવું દુઃખ કોને સમજાવું
આગ કેમ બુજાવું...............................દીલદાર

કરૂં તુંજ પર જાન કુરબાન, આવી દીલદારી
જ.ખમ કારી કેમ ખમાય......................દીલદાર

હાશીમેહેર— ૨૬ *

મુજ વહાલીની મોહોબત આજ બર આવી
કોઈ ફુલ લાવી સણગારે..........................મુજ.

શાખી

પ્રેમ વિનાની જીંદગી, છે વિન નીમકનું ધાન
પાક પ્રેમ ખુદાઇ બિન પ્રેમ અંધ ઇનશાન
મારા મનનો તે મલ્યો પ્યાર, સુખી સહવાર
ઉગી આ વાર, ખીલી બહાર આવો દીલદાર....મુજ

હાશીમેહેર ૨૭ *

દીલદારીમાં, લટકે નીસાર છું તુંજ પ્યારમાં....દીલદારીમાં
ગુલ ખીલી રહી જોબનમાં......................દીલદારીમાં
તારી મહોબત પર વારી વારી જાઉં
રહીશું શાદ ગુલશનમાં................દીલદારીમાં

૨૮

કેરશાસ્પ, કેરમાન, બાબન, ગુલનદામ, દાશીમેહેર—
હા નરનારી સાથ અહીં સંપી એક સાજ થઈ,
ગાઈ ગજાવો આજ
ખુશ મેહેમાર, બે શુમાર, છે આ વાર હા ખુદાયા.—
હા નરનારી.

કહ ખુદાઈ ભલે, ગુલેઅંદામ કરે, પીરાન [આજ વરે
શોહરીયાર શાથ ખરે, મેહેરનો હાથ ધરે, ખુશીથી
આજ—હા નરનારી

વહાલેથી પ્રીતથી રીતે રહીને નેક દયાનતે નમી હરબાર
આએ જગતને દવાર,
ગ્યાનથી, શાનથી, ધયાનથી, માનથી, પ્રાણથી, જાણથી
હલીમલી સંગ ગખી ભલી સુખ સપે થઈ કરજો
સંસાર પાર......હા નરનારી

૨૯ *

હું શીકારી દોલતનો જઈ ભટકું વનમાં
તલપે શમશેર, ખુંની ખંજર, દોલત જયાં....જઈ ભટકું
ફેલ ફેલાવું આગ લગાવું ઝેર ભરૂં હું જનમાં....જઈ ભટકું
પઈસા પર પ્રીત ભારી, પઈસે ચાલે દુન્યા
દોલત કાજે, દુન્યા આજ જંગ ચલાવે.......હું

સમાપ્ત.